જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૧૧/૨૦૧૭ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૧૮/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૭૫ કેસ કરી, ૭૨ વ્યક્તિઓને ઝડપી, ૧૪૫ લીટર દેશી દારૂ, ૩૪૬ બોટલ ઈંગ્લીશ દારૂ ૧ મોટર સાયકલ અને ૧ સ્કૂટર કબજે કર્યું હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૮ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૯,૪૬૮/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૧૯/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૪૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરીઃ- સમાચાર યાદી નં.૨૩૨૦/૧૭**

**નરોડાઃ** દેવાંગકુમાર ચંદુલાલ પટેલ(રહે. પ્રેમજીનગર વિભાગ-૨ મોરાજી ગાર્ડન સામે અડાજણ સુરત) એ તા.૧૭/૧૧/૧૭ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૧૧/૧૭ સાંજના ૫/૦૦ થી ૬/૦૦ વાગ્યા દરમ્યાન નાના ચિલોડા સી.એન.જી.પેટ્રોલ પંપની આગળ પોતાની ગાડીના ડ્રાયવરની નજર ચુકવી ગાડીમાંથી એચ.પી.કંપનીનુ પેવેલીયન લેપટોપ કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી જયેન્દ્રસિહ રૂપસિહ ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** રમેશકુમાર પુખરાજ શ્રીમાળી (ઉ.વ.૫૧) (રહે.મુ.પો સરેચા વાયા.દુન્દાડા જી.જોધપુર) એ તા.૧૭/૧૧/૧૭ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૧/૧૭ કલાક ૧૦/૦૦ થી ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન થલતેજ સુરધારા સર્કલ નજીક અજાણી વ્યક્તિએ રમેશકુમારના ખીસ્સામાંથી રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી મહે વાસુદેવ ચલાવે છે.

સોનાનો દોરો ખેચી તોડી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૨૩૨૧/૧૭

**સરદારનગરઃ** કિશનભાઇ રમેશલાલ સચદેવ (રહે.ન્યુ જી વોર્ડ કુબેરનગર સરદારનગર) તા.૧૭/૧૧/૧૭ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક યામાહા મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કિશનભાઈ સચદેવના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કિશનભાઈ સચદેવે સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૩૨૨/૧૭**

**ઓઢવઃ** ભાવેશભાઇ પ્રહલાદભાઇ પટેલ (રહે. ઇશ્વરકૃપા સોસાયટી પંચદેવમંદિર પાછળ અર્બુદાનગર ઓઢવ) એ તા.૧૪/૧૧/૧૭ કલાક ૧/૦૦ વાગે પોતાના રહેણાંક નજીક પોતાની બોલેરો પીકઅપ ગાડી નંબર જીજે ૨૭ એક્સ ૦૬૩૬ કિંમત રૂપિયા ૫,૮૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી કલાક ૭/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ ભાવેશભાઈ પટેલે તા.૧૭/૧૧/૧૭ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.ભટ્ટ ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૨૩૨૩/૧૭**

**દરીયાપુર**મોહમદ ઇકરામ સ/ઓ અલ્તાફભાઇ (ઉ.વ.૧૨)(રહે. જીવણપોળ,પાંચપટ્ટી) તા.૧૭/૧૧/૧૭ સવારના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગરમ પાણી કરવા માટે ડોલમાં રાખેલ હીટરને અડી જતા વિજ કરંટ લાગતા સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યો હતો. આ અંગે દરીયાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગુભાઇ જેઠાભાઇ ચલાવે છે.

**નરોડાઃ** ગોપીબહેન જીગ્નેશકુમાર નાગર (ઉ.વ.૩૧) (રહે.શાંતિવિલા ફલેટ દહેગામ રોડ નરોડા) તા.૧૭/૧૧/૧૭ સવારના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બાથરૂમમાં નહાવા ગયા હતા ત્યારે હીટરથી વિજ કરંટ લાગતા મૃત્યુ નિપજયું હતુઆ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રસિહ માધુસિહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૩૨૪/૧૭**

**દાણીલીમડાઃ** સાદીક સ/ઓ અમીબક્ષ શેખ (ઉ.વ.૨૩) (રહે. જમાલપુર ચકલા મચ્છીપીર દરગાહ પાસે કડીયા શેરી) એ અગમ્ય કારણસર તા.૧૭/૧૧/૧૭ કલાક ૨/૧૫ વાગ્યાના સુમારે દાણીલીમડા પોલીસ લાઈનના ધાબા ઉપરથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.આર.પટેલ ચલાવે છે.

**સરખેજઃ** પ્રેમચંદભાઈ ગોરેલાલ ચોધરી (ઉ.વ.૩૪) (રહે.ચુનારાવાસ શક્તિમાતાના મંદીર પાસે મકરબાગામ સરખેજ) એ અગમ્ય કારણસર તા.૧૪/૧૧/૧૭ કલાક ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે વા.સા.હોસ્પીટલમા દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તા.૧૭/૧૧/૧૭ કલાક ૬/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુઆ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો. શ્રી ગોવિંદભાઈ કરશનભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.